વાર્ષિક લવાજમ રૂ. ૨૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૨૮ : અંક - ૧૩ * આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * જુલાઈ-૦૭, ૨૦૦૯

# 'સેવા'ને મૅકાર્થર અવૉર્ડ

૨૩ જૂન, ૨૦૦૯નો દિવસ બેવડા આનંદનો દિવસ રહ્યો. લોકસ્વાસ્થ્ય સેવા સહકારી મંડળીનાં ૧૯ વર્ષ પૂરાં થયાં. એક બાજુ ભરજુવાનીમાં થનગનતી મંડળીની વાર્ષિક સાધારણ સભા. છેલ્લાં પાંચ વર્ષથી ગુજરાત સહકારી સંઘ તરફથી લોકસ્વાસ્થ્ય મંડળીને પ્રથમ ઇનામ શિલ્ડ તેમ જ પ્રશસ્તિપત્ર મળ્યાં છે. તે તેનું કાર્ય અને કાર્યવિસ્તાર વધારીને પગભર થતી જાય છે. તો બીજી બાજુ સામાજિક સુરક્ષાના આ સર્જનાત્મક અને અસરકારક કામને દુનિયાએ પણ સ્વીકારીને વધાવ્યાં છે. જેના ફળસ્વરૂપે અમેરિકાના શિકાગોસ્થિત મૅકઆર્થર ફાઉન્ડેશને 'સેવા'ની આ સામાજિક સુરક્ષાને બિરદાવીને મહિલા સેવા ટ્રસ્ટને અવૉર્ડ આપી સન્માનિત કર્યાં. આ બેવડા આનંદના પ્રસંગની ઉજવણી સભ્યોથી ભરાયેલા ટાઉનહૉલ, અમદાવાદમાં કરવામાં આવી હતી.

આ અવૉર્ડ સ્વીકારવા 'સેવા'નાં પ્રધાનમંત્રી શ્રી જ્યોતિબહેન મૅકવાન અને સામાજિક સુરક્ષાનાં સંચાલક શ્રી મિરાઈબહેન ચેટરજી ગયાં હતાં.

જ્યોતિબહેને આ અવૉર્ડ સ્વીકારતાં ખૂબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી. બધા જ સભ્યોને આ પ્રસંગે યાદ કરીને તેમણે કહ્યું કે, 'બધાંની મહેનતનું આ પરિણામ છે, તે સૌને અભિનંદન. કટોકટીના સમયમાં આ બહેનોને કેવી અસર થાય છે તેની વાત કરતાં હાલના બે મહત્ત્વના પડકારો - હાલની આર્થિક કટોકટીની શ્રમજીવીના જીવન પર પડતી અસરો અને સમગ્રપણે શાંતિ લાવવામાં બહેનોની ભૂમિકા મુખ્ય હતી. તેમણે ત્યાં ગાંધીવિચારને

*મૅકાર્થર ફાઉન્ડેશન જે સંસ્થાઓ રચનાત્મક અને અસરકારક અભિગમથી શ્રમજીવીઓની રોજિંદી સમસ્યાઓમાં હલ લાવે છે તેના કામને આ અવૉર્ડથી નવાજીએ છીએ. 'સેવા'ના આરોગ્ય તથા વીમાનું કાર્ય અને સંગઠનનાં કામને આવકારતાં મને ગૌરવ થાય છે.*

**પ્રેસિડેન્ટ : મૅકાર્થર ફાઉન્ડેશન**



ડાબેથી પ્રેસિડેન્ટ શ્રી જોનથન ફેન્ટન, જ્યોતિબહેન-મિરાઈબહેન અવૉર્ડ સાથે અને બૉર્ડ સભ્ય ડૉ. હૉપકિન્સ

## મૅકાર્થર અવૉર્ડ

*છેલ્લાં ૩૦ વર્ષથી ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રનાં કામદારબહેનોને મહિલા સેવા ટ્રસ્ટ સેવાઓ પહોંચાડે છે તથા કાર્યરત છે. ભારતમાં જે સૌથી વધુ શોષિત છે તેવી દશ લાખથી વધુ બહેનોનું સંગઠન કરી અસરકારક ચળવળ તમે ચલાવી રહ્યાં છો. જ્યાં આરોગ્યસેવા તથા સામાજિક સલામતીની ખૂબ જરૂર છે ત્યાં માતા-બાળકના જીવન બચે તે માટેના પ્રયત્નો કર્યા છે. ગરીબમાં ગરીબ સુધી તબીબી સેવાઓ ઉપલબ્ધ કરાવી તેમને આરોગ્યસેવાઓ પહોંચાડી તેઓ સશક્ત બને તેવી નવી પદ્ધતિઓ વિકસાવી છે.*

*ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આપના દ્વારા ૨૦૦થી વધુ ગામો માટે દાયણબહેનોને તાલીમ આપી સગર્ભાબહેનોના નિદાન, રીફર, ઘરે સલામત પ્રસૂતિ થાય તે માટે તૈયાર કર્યાં છે.*

*માતામરણનું પ્રમાણ ઓછું થાય તે દિશામાં આપે ઘણાં જીવન બચાવ્યાં છે, બાળકોને સેવા આપી કુટુંબોને સલામતી પહોંચાડી છે.*

*આરોગ્યવીમાની પહેલ દ્વારા આ જિલ્લાનાં ૧૬,૦૦૦ બહેનો તથા તેમનાં કુટુંબોને સારી સારવાર અને સલામતી પૂરી પાડી છે. આ જ રીતે ગુજરાત રાજ્ય ઉપરાંત બીજા વધુ પાંચ વિસ્તારોમાં વ્યાપ વધારવા જઈ રહ્યાં છો. તમારા અનુભવ, ઉદાહરણની શક્તિથી પ્રેરણા લઈ ભારતદેશના 'શ્રમ મંત્રાલય' દ્વારા ચાર રાજ્યોમાં અસંગઠિત ક્ષેત્રનાં કામદારો માટે સામાજિક સલામતી કાર્યક્રમના ભાગરૂપે આરોગ્ય-વીમા શરૂ કર્યા છે. તમે વૈશ્વિક અને સાર્વત્રિક સેવાઓ –જોગવાઈઓને ધ્યાનમાં રાખી 'ઑલ ઇન્ડિયા વિમેન્સ કો-ઑપરેટીવ' ઊભી કરવા જઈ રહ્યાં છો. જે બહેનો માટે કાર્ય કરશે તથા તેના માલિક-મેનેજર આ બહેનો થશે.*

*આપના કાર્યક્રમોમાં ઊંડાણ-ગૂંથણ તથા સમજને કારણે વિસ્તારોમાં સામાજિક પરિમાણોમાં પરિવર્તન આવેલ છે. ભારતદેશની ગરીબ-શોષિત બહેનો તથા તેમનાં કુટુંબોના જીવન સુધરે તે માટેના તમામ પ્રયત્નો, આરોગ્ય અને સામાજિક ન્યાયના તમારા દૃષ્ટિકોણને ધ્યાનમાં લેતાં સર્જનાત્મક અને અસરકારક સંસ્થા માટેનો 'મૅકાર્થર અવૉર્ડ' આપતાં અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.*

આપણાં કામ સાથે સાંકળીએ છીએ અને તે દિશામાં આપણાં કામને જકડી રાખવા માટે બધાંને એક સાથે રાખવા માટે ઇલાબહેનનો ખૂબ આભાર માન્યો હતો.'

મિરાઈબહેને બે દિવસના આ પ્રસંગની વાત કરતાં કહ્યું કે મૅકઆર્થર વિશ્વભરની ૮૦૦ સંસ્થાઓ સાથે કામ કરે છે. તેમાંથી આઠ સંસ્થાઓને અવૉર્ડ આપ્યા હતા. સર્જનાત્મક અને અસરકારક રીતે લોકો વચ્ચે કામ કરીને જે સમાજ પરિવર્તનનું કામ કરે છે તેવી સંસ્થાઓને તાજેતરમાં મૅકાર્થર ફાઉન્ડેશને બિરદાવી છે. એક અવૉર્ડ 'સેવા'ને અને ત્રણ અવૉર્ડ શિકાગોમાં કામ કરતી ત્રણ સંસ્થાને, જે બૅન્કિંગ, લોન, હાઉસિંગ, નવી ટૅક્નોલૉજી જેવાં વિકાસલક્ષી કામ કરે છે. રશિયાની બે સંસ્થા માનવઅધિકાર માટે અને બીજી શ્રમજીવી ગરીબ બહેનો માટે કામ કરે છે તેને. વેસ્ટઇન્ડિઝની પર્યાવરણલક્ષી કામ કરતી સંસ્થાને અને આફ્રિકાના નાઈજીરિયામાં માનવઅધિકાર માટે કામ કરે છે તે સૌને અવૉર્ડથી સન્માન્યાં.

આ પ્રસંગે 'સેવા'નાં સ્થાપકશ્રી ઇલાબહેને કહ્યું કે, આ કદરનો બધો જ સરવાળો એ જ કે આપણે પગભર થયાં, સર્જનાત્મક રહ્યાં અને અસરકારક રહ્યાં. આ અવૉર્ડ મળ્યો છે તે નવા વિચારો માટે મળ્યો છે. વિચારોને કાર્યરત કર્યા છે. જુવાન છોકરીઓ દુનિયાદારી માટે શું વિચારે છે તે જાણવું જોઈએ. વધારે બહેનો આવે, વિચારો રજૂ કરે તો નવું જાણવા મળે. આપણે સામાજિક સુરક્ષાનો કાયદો ૧૦ વર્ષ લડત કરી ત્યારે બન્યો. હવે તે અમલમાં આવશે. તેના અમલીકરણ માટે મહેનત કરવાની છે. જેનાથી આપણા જેવા આખા દેશના બીજા અસંગઠિત વર્ગના શ્રમિક તમામને તેનો લાભ મળશે.'

અવૉર્ડમાં લખ્યું છે કે, નવું નવું સર્જનાત્મક અને અસરકારક કામ કર્યું, તે સંસ્થાગત છે. તમે એકબીજાના સંપર્કમાં રહો છો અને તેને સમજીને રસ્તો કાઢો છો. આપણે મૂડીરોકાણ પણ કર્યું. આ બધું થાય ત્યારે સંસ્થા સબળ બને.'

અંતમાં તેમણે આ પ્રસંગે 'સેવા'ના પાયાના સાથીદાર સ્વર્ગસ્થ શ્રી રંજનબહેનને ખાસ યાદ કર્યાં. શરૂઆતમાં ગાંધીનગર જિલ્લામાં રંજનબહેને દાયણબહેનોના કામની શરૂઆત કરી હતી. દાયણબહેનો માટે તે ખૂબ લડ્યાં, ઝઘડ્યાં હતાં. મૃત્યુદર ઘટ્યો, જન્મદર ઘટ્યો, બાળકીનું જીવન ટકી રહ્યું. આજે આપણે તેમાં ખૂબ આગળ વધ્યાં છીએ. અને વધુ પ્રગતિ કરતાં રહીએ એવી આશા વ્યક્ત કરી ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભેચ્છા અર્પી હતી..

'સેવા'નાં રાષ્ટ્રીય સંચાલક શ્રી રેનાનાબહેને 'સેવા'ને મજબૂત કરવામાં લોકસ્વાસ્થ્ય મંડળીનો ખૂબ મોટો ફાળો છે એમ જણાવતાં કહ્યું કે, 'સેવા'નું મુખ્ય ધ્યેય સ્વાવલંબન અને પૂર્ણરોજગાર છે. કામ કરીએ, રોજી આવે તો તે દેખાય છે, પણ સ્વાસ્થ્ય પર કામ કરીએ તે બહુ નજરે ન દેખાય. શાંત રીતે તમે રોલ ભજવ્યો છે. ગુજરાતમાં 'સેવા' મોટી થતી ગઈ.

બીજાં રાજ્યોમાં બહેનોએ સંગઠિત કરવા પ્રયાસ કર્યો. દા. ત. બિહારમાં હિંસાનું પ્રમાણ વધુ એટલે આ કપરું કામ. બહેનો સંગઠિત ન થાય પણ આપણે ત્યાં આરોગ્યનું કામ કર્યું, તો બહેનો આવવા લાગ્યાં. તેમની તકલીફો જણાવી. લોકસ્વાસ્થ્ય મંડળીએ ત્યાં કૅમ્પ કર્યા. ટી. બી., સ્ત્રીરોગ વગેરે. ટી. બી.નાં કામ માટે હૉસ્પિટલ સાથે જોડાણ કર્યાં. તેવી જ રીતે પશ્ચિમ બંગાળમાં આરોગ્ય દ્વારા સંગઠન થયું અને હવે ઉત્તરાખંડમાં કરીએ છીએ. આમ, 'સેવા'ને બીજાં રાજ્યોમાં લઈ જવામાં લોકસ્વાસ્થ્ય મંડળીનો મોટો ફાળો છે.'

રેનાનાબહેને ત્રીજી મહત્ત્વની વાત કરી કે, 'દેશમાં નીતિ બદલાય તે માટે 'સેવા' પ્રયત્ન કરે છે. નવો કાયદો લાવવા બહુ મહેનત કરવી પડે. આ જે નવો સામાજિક સુરક્ષાનો કાયદો બન્યો તેમાંનો મોટો ભાગ સ્વાસ્થ્ય અને વીમા વિશે શીખવા, જાણવા માટે સરકારમાંથી આપણે ત્યાં સામાજિક સુરક્ષામાં આવ્યાં હતાં. તે લોકો અહિંયાથી જે માહિતી મેળવી, શીખ્યાં તે પછી કાર્યક્રમો બનાવ્યા. આમ, સામાજિક સુરક્ષાનો ખૂબ મોટો ફાળો છે. તેમને આ અવૉર્ડ મળ્યો તે ખૂબ જ યથાર્થ છે. તે માટે ખૂબ ધન્યવાદ અને આભાર.'

ન્યુ ઇન્ડિયા ઇન્સ્યૉરન્સ કંપનીના શ્રી મજમૂદારસાહેબે પણ અભિનંદન વ્યક્ત કરતાં કહ્યું ખાસ શ્રી ઇલાબહેનને મળવાનો લાભ મળ્યો. વીમા કંપની જુદી જુદી પૉલિસી સાથે સંકળાયેલી છે. 'સેવા'નાં બહેનોની પ્રગતિ માટે પ્રોજેક્ટ ૨૦૧૦ પર કામ કરી રહ્યાં છીએ. પ્રોજેક્ટને શુભેચ્છા અને મંડળી ખૂબ પ્રગતિ કરે તેવા આશીર્વાદ.

શ્રી મુલાણીસાહેબે સહકારી મંડળીઓ શરૂ કરવાની વાત કરતાં કહ્યું કે, ૧૯૮૮માં હું રિટાયર થયો અને ઇલાબહેને મને કહ્યું, ને મેં કામ શરૂ કર્યું '૮૯થી મંડળીની નોંધણી કરાવી શક્યા તેનો મને આનંદ છે. 'સેવા' કામ પૂરું કરવા જ ધારે છે. સંશોધનો પણ કરે છે. 'સેવા'નાં પ્રેરક ઇલાબહેન બધાં માટે પ્રેરણામૂર્તિ રહ્યાં છે. ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા સાથે અભિનંદન.

અમેરિકન જ્યુઇસ ડૅવલપમેન્ટ કમિટીના શ્રી એલીજા જૅકબે અભિનંદન પાઠવતાં કહ્યું કે, ભૂકંપ પછી સંસ્થા સાથે ઘોડિયાઘર પછી સીએલસી (કૉમ્યુનિટી લર્નિંગ સૅન્ટર) સાથે કામ કર્યું. તકલીફો અને સંઘર્ષમાંથી સભ્યોના જીવનમાં બદલાવ આવે છે. નાનાં નાનાં કામ કરતાં આગળ આવે. આપણે સાથે રહ્યાં તેથી ગૌરવની લાગણી અનુભવું છું.'

આ અવૉર્ડ અને સાથે જે સર્ટિફિકેટ અંગ્રેજીમાં આપવામાં આવ્યું હતું તે ઇન્ડિયન ઍકેડમી ફૉર સેલ્ફ એમ્પલોઈડના ડાયરેક્ટર શ્રી નમ્રતાબહેને વાંચી સંભળાવ્યું હતું. સેવા અકાદમીની શરૂઆત ૧૯૯૦થી મેકાર્થર ફાઉન્ડેશન દ્વારા થઈ છે તે ખાસ શ્રમજીવી બહેનો માટે કામ કરે છે તેમ નમ્રતાબહેને જણાવ્યું.

'સેવા'ના મંત્રીશ્રી મિતલબહેને મૅકાર્થર ફાઉન્ડેશને આપેલા સર્ટિફિકેટનું ગુજરાતી ભાષાંતર વાંચી-સંભળાવ્યું હતું. તેમ જ અવૉર્ડ કાર્યક્રમની ઉજવણીનું સંચાલન ખૂબીપૂર્વક કર્યું હતું. છેલ્લે મિરાઈબહેને 'સેવા'ની ભગિની સંસ્થાઓ, સર્વે 'સેવા'નાં સભ્યો તથા આગેવાનો અને 'સેવા' સાથે સંકળાયેલા મિત્રો, શુભેચ્છકોનો અમૂલ્ય ફાળો સ્વીકારી આભાર માની કહ્યું એક સામૂહિક પ્રયાસથી જ આપણને આ સિદ્ધિ મળી છે.

- **નફીસા**

❑

# સેવા બૅન્ક

શ્રી મહિલા સેવા સહકારી બૅન્ક લિ. - સેવા બૅન્કની ૩૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૨-૬-૨૦૦૯ના રોજ ટાઉનહૉલમાં મળી હતી. જેમાં એક હજાર જેટલા સભાસદો હાજર રહ્યાં હતાં. સેવા બૅન્ક બૉર્ડના ચેરમેન શ્રી મંજુલાબહેન વાઘેલાએ સૌનું સ્વાગત કરી ૨૦૦૮- ૦૯નો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવ્યો હતો.

ત્યારબાદ સેવા બૅન્કનાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયશ્રીબહેન વ્યાસે ૩૧મી માર્ચ, ૨૦૦૯ના વર્ષના હિસાબો વાંચી સંભળાવ્યાં હતાં. તેમ જ તેમણે કહ્યું કે, 'બૅન્ક શ્રમજીવીબહેનોના વિકાસ માટે કાર્યરત છે. આ બહેનોને નાણાકીય સેવાઓ પહોંચાડવા 'હાથમિલાવનાર' અને 'બૅન્કસાથી' બહેનોની ટીમ કામ કરી રહી છે. બૅન્ક નાણાકીય આયોજનની અને ધંધાકીય માર્ગદર્શનની તાલીમ આપે છે. બહેનોની જીવનજરૂરિયાતને ધ્યાનમાં રાખીને બૅન્ક જુદી જુદી બચત યોજના અને લોન સુવિધા પૂરી પાડે છે. કુદરતી સંસાધનોના ઉપયોગથી જુદા જુદી ઉર્જાનાં ઉપકરણો આપણાં બહેનોને મળી રહે તે માટે ઊર્જા વિભાગ કાર્યરત છે. તો બહેનોના ઘડપણની લાકડી એવી પૅન્શન યોજના પણ છેલ્લાં ત્રણ વર્ષથી ચાલે છે.'

**બૅન્કની પ્રગતિના આંકડા :**

**સભાસદ :** ગયા વર્ષે સભાસદસંખ્યા ૬૦,૭૨૦ હતી તેમાં ૪૦૩૬ વધારો થતાં ૬૪,૭૫૬ થઈ છે.

**શૅરભંડોળ :** ગયા વર્ષે શૅરભંડોળ રૂ. ૩,૬૪,૩૬,૬૦૦/ હતું. ચાલુ વર્ષે તેમાં રૂ. ૩૫ ,૫૯,૪૦૦નો વધારો થતાં રૂ. ૩,૯૯,૯૬,૦૪૦/-નું થયું છે.

**થાપણો :** ગયા વર્ષે કુલ થાપણો રૂ. ૭૩,૯૯,૭૦,૦૦૦/- હતી, ચાલુ વર્ષે કુલ થાપણો રૂ. ૯૬,૧૪,૬૯,૦૦૦/-ની થઈ છે.

**થાપણ ખાતાં :** ગયા વર્ષે, ૩,૦૭,૫૫૮ બહેનોના બચત ખાતાં હતાં, તેમાં ૧૧,૦૩૬ ખાતાનો વધારો થતાં કુલ ૩,૧૮,૫૯૪ ખાતાં થયાં છે.

**કાર્યકારી મૂડી :** ગયા વર્ષે રૂ. ૧,૦૨,૯૧,૭૯,૦૦૦/- હતી. ચાલુ વર્ષે તેમાં રૂ. ૨૬,૨૭ ,૧૦,૦૦૦/-નો વધારો થતાં કુલ કાર્યકારી મૂડી રૂ. ૧,૨૯,૧૮,૮૯,૦૦૦/-ની થઈ છે.

**ધિરાણ :** ગયા વર્ષે ધિરાણ લીધેલ કુલ બહેનોની સંખ્યા ૧,૦૩,૬૭૯ હતી અને કુલ ધિરાણ રૂ. ૩૨,૪૫,૪૯,૦૦૦/- હતું. ચાલુ વર્ષે ધિરાણ લેતાં બહેનોની સંખ્યા ૧,૧૫,૯૪૪ થઈ છે અને ધિરાણ રૂ. ૪૩,૯૯,૬૭,૦૦૦/- થયેલ છે.

**નફો :** ગયા વર્ષે નફો રૂ. ૫૨,૪૧,૦૦૦/- હતો. ચાલુ વર્ષે નફો રૂ. ૫૧,૭૧,૦૦૦/- થયો છે. હવેથી કાયદા પ્રમાણે સહકારી બૅન્કોને પણ ટેક્ષ ભરવાનો હોય છે તેથી આ વર્ષે ૨૫,૦૦,૦૦૦/-નો ટેક્ષ ભર્યો. ટેક્ષ પહેલાંનો નફો રૂ. ૭૬,૭૧,૦૦૦/- છે.

**વિશેષ :** સેવા બૅન્ક એ ગરીબ શ્રમજીવી બહેનોની બૅન્ક છે. આજે ઇન્ફર્મેશન ટૅક્નોલૉજીના યુગમાં આપણી બહેનોનાં બાળકો ૫૦ % તેનો ઉપયોગ કરે અને ભવિષ્યમાં તેની કારકિર્દી, શિક્ષણમાં વધુ સક્ષમ બને તે હેતુથી ૦ % વ્યાજે કમ્પ્યૂટર માટે લોન આપવાની શરૂ કરી છે.

**હાઉસિંગ લોન :** શ્રમજીવી બહેનો પોતાના નામે મકાન કરી શકે તે માટે સેવા બૅન્કે આ વર્ષે મકાનની લોન આપવાની શરૂ કરી છે. આ લોન વધુમાં વધુ રૂ. ૫ લાખ સુધીની મળી શકશે. જે વધુમાં વધુ ૧૫ વર્ષ સુધીમાં લોન પૂરી કરી શકશે.

બૅન્કના ડિરેક્ટર શ્રી રેનાનાબહેને પણ કહ્યું કે, 'ગ્રામીણક્ષેત્રમાં બહેનો વધારે ગરીબ છે. આપણી બૅન્ક ત્યાં પણ વધારે લોન આપે છે. વધુ સારા સમાચાર તો એ છે કે હવે આપણે સાણંદ, ગાંધીનગર તેમ જ વાસણામાં આપણી બૅન્કની બ્રાન્ચ નજીકના સમયમાં ખોલીશું. આપણાં બહેનો માટે પૅન્શન અને હાઉસીંગ યોજનાઓ ચાલે છે. બૅન્ક ૩૫ વર્ષથી ચાલે છે. બીજાં સો વર્ષ ચાલશે એવી આશા છે.'

શ્રી જયશ્રીબહેને વાર્ષિક સભા વખતે પણ બહેનોને ખાસ પૅન્શન યોજનામાં જોડાવા તેમ જ નાની ઉંમરની દીકરીઓને, વહુઓને જોડાવા જણાવ્યું હતું. પૅન્શન યોજનાની માહિતી વિગતે દાખલાઓ સહિત સમજાવી હતી.

આ વર્ષે પેન્શન યોજનાને ઝુંબેશ તરીકે લઈ જવા જણાવ્યું હતું. જેથી વધુમાં વધુ સભ્યો આ યોજનાનો લાભ લઈ તેમના ઘડપણને સુરક્ષિત કરી શકે. તેમ જ બૅન્કે ૯ % ડિવિડન્ડ સભાસદોને ચૂકવ્યું છે.

❑

# લોકસ્વાસ્થ્ય મંડળી

શ્રી સ્વાશ્રયી મહિલા લોકસ્વાસ્થ્ય સેવા સહકારી મંડળી લિ.ની ૧૯મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૩-૬-૨૦૦૯ના રોજ શ્રી મિરાઈબહેનના પ્રમુખપદે ટાઉનહૉલમાં મળી હતી. જેમાં ૭૦૦થી વધારે બહેનોએ ભાગ લીધો હતો.

શરૂઆતમાં સૌ સભાસદો અને આમંત્રિતોનું સ્વાગત કરી પ્રમુખશ્રી મિરાઈબહેને ૨૦૦૮-૦૯ની પ્રવૃત્તિઓ અને કામકાજનો અહેવાલ રજૂ કર્યો હતો.

મંડળીના ૧૯ વર્ષના અંતે સભાસદો ૭૫૮ છે. ગયા વર્ષ કરતાં ૧૪૯ સભ્યોનો વધારો થયો છે. મંડળીની પ્રવૃત્તિમાં પ્રાથમિક આરોગ્ય સેવામાં સામાન્ય બીમારીમાં સારવાર, નિયમિત વજન, આયર્ન, રસીકરણ, વગેરે સેવાઓ ઉપરાંત પોષક આહાર, કુટુંબ કલ્યાણના સાધનો, કુટુંબનિયોજનના ઑપરેશન વગેરે શિક્ષણસ્વાસ્થ્યસાથી, તથા આરોગ્યસેવિકા બહેનો દ્વારા ઘરઆંગણે આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૫૭૨૫૧ દર્દીઓને પ્રાથમિક આરોગ્યસેવા પહોંચાડવામાં આવી. દાયણશાળામાંથી તાલીમ લઈ તૈયાર થયેલ સ્વાસ્થ્યસાથી (દાયણ) બહેનો દ્વારા ૯૬.૫ % જોખમી સુવાવડ રીફર કરવામાં આવી.

**આરોગ્ય-શિક્ષણ :** મંડળી દ્વારા બહેનો, ભાઈઓ, કિશોર-કિશોરીઓને આરોગ્ય અંગેની વિવિધ તાલીમ ગ્રુપમાં તેમ જ વ્યક્તિગત શિક્ષણ આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન કુલ ૧,૬૮,૨૭૮ વ્યક્તિઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું.

**દવા વેચાણ કેન્દ્ર :** મંડળી દ્વારા લાલ દરવાજા, ગોમતીપુર, સરસપુર તેમ જ ચમનપુરા વિસ્તારમાં વાજબી ભાવે દવાનું વેચાણ કરવામાં આવે છે. આ દુકાનોદ્વારા વર્ષ દરમ્યાન કુલ રૂ. ૧,૪૬,૪૨,૦૫૦ની દવાઓનું વેચાણ થયેલ છે.

**જડીબુટ્ટી ઉત્પાદન એકમ** (પરિશ્રમાલય) : જડીબુટ્ટીમાંથી ૨૬ જાતની વિવિધ આયુર્વેદ દવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ વર્ષે મંડળીને વધુ ૧૪ દવાઓ ઉત્પાદન કરવાની પરવાનગી મળી છે. વિવિધ ઉત્પાદનના વેચાણ અને ઉપયોગ અંગેની તાલીમ આપી ૪૦૦ બહેનો આના વેચાણ સાથે સંકળાયાં છે. જેમાંથી બહેનોને રોજગારી મળે છે.

**સ્વાસ્થ્યજ્યોત કાર્યક્રમ :** (ટી. બી. નિયંત્રણ અને નિવારણ) અમદાવાદ શહેરના અમરાઈવાડી, ખોખરા, બાગેફિરદોસ, સત્યમનગર, વસ્ત્રાલ, ચમનપુરા, અને અસારવા વિસ્તારમાં ટી.બી.નો કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેના અંતર્ગત ટી. બી.ના લક્ષણ ધરાવતાં લોકોનું નિદાન કરવામાં આવે છે અને ત્યારબાદ નજર સમક્ષ દવા પીવડાવી સારવાર કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૦ ડૉટ્સ સૅન્ટર દ્વારા ૫-૭૫ લાખ લોકોને ટી. બી.ની સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે. વર્ષ દરમ્યાન કુલ ૮૨૦ વ્યક્તિઓને ટી. બી.નું નિદાન થયું છે અને સારવાર શરૂ કરી છે. જેમાં ભાઈઓનું પ્રમાણ ૬૧ % અને બહેનોનું પ્રમાણ ૩૯ % છે. આ સિવાય અમદાવાદ જિલ્લામાં ટી. બી.નાં લક્ષણો ધરાવતા ૭૮૨ લોકોને રીફર કર્યા. આ કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવામાં કાર્યકર્તા, ડૉટસ વર્કર, ડૉક્ટર, આગેવાન, ખાનગી ડૉક્ટર અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન, ટી. બી. કન્ટ્રોલ સોસાયટી, વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમ, ટી. બી. સોસાયટીની ટીમે ફાળો આપેલો છે.

**સરકાર સાથે સંકલન અને રેફરલ સેવા :** સરકારી સંકલન અને રેફરલ સેવા સઘનરીતે કરવામાં આવી. ચિરંજીવ તથા જનની સુરક્ષા યોજનાઓને લગતા મુદ્દા અને દાયણ બહેનોના માનદ-વેતન અંગેના મુદ્દાની પણ ચર્ચા કરવામાં આવી છે. આ રીતે વધુ બહેનોને આરોગ્યસેવા મળી છે. આ યોજનાઓ અંતર્ગત ૧૨૩૫ બહેનોને જોડવામાં આવ્યાં છે. ૧૮૭૮ વ્યક્તિઓને વિવિધ રોગ માટે રીફર કરવામાં આવ્યાં છે.

**લોક સ્વાસ્થ્ય નિષ્ણાત સેવા :** સેવા ભારતના ઉત્તરાખંડ, બિહાર, બંગાળ, મુંગેર, રાજસ્થાન વગેરે જગ્યાઓએ પ્રાથમિક સારવાર, આરોગ્ય તાલીમ તથા દાયણ તાલીમ આપવામાં આવી છે. આધાર ઇન્ડિયા દ્વારા પંજાબ-લુધિયાણામાં આરોગ્ય કામગીરી શરૂ કરવા માટે તેમના કાર્યકર્તા તથા ટીમને મંડળી દ્વારા આરોગ્ય તાલીમ આપી. તેમ જ નખત્રાણા તથા રાધનપુરમાં દાયણ તાલીમ કરી તેમાં ૫૪ દાયણ બહેનોએ ભાગ લીધો હતો.

**આરોગ્ય કૅમ્પ :** સોલા સિવિલ હૉસ્પિટલના સહયોગથી ૨૭ આંખોના નિદાન કૅમ્પમાં ૨૨૧૯ લોકોએ નિદાન કરાવ્યું. તેમાંથી ૧૬૩ દર્દીઓને વધુ સારવાર માટે નગરી તથા સહયોગ હૉસ્પિટલમાં રીફર કર્યા. ૧૩૦ લોકોને મફત ચશ્માં આપ્યાં. ઉપરાંત સૌંદર્ય મંડળીના સભાસદ માટે સામાન્ય રોગનો કૅમ્પ યોજાયો જેમાં ૧૦૦ બહેનોએ તેનો લાભ લીધો.

**વીમો :** મંડળીએ કુલ ૧૦,૫૩૭ બહેનો, ભાઈઓ અને બાળકોને વીમો સેવા સાથે સાંકળી સુરક્ષિત બનાવ્યા છે. રૂ. ૧૬,૭૨,૦૫૦/-ના વીમાના પ્રીમિયમ મંડળીએ લીધા છે. મંડળી દ્વારા મેડીકલેઇમનું ચૂકવણું રૂ. ૬,૨૩,૧૦૪ થયું છે. તાત્કાલિક વળતર પેટે રૂ. ૫,૦૬,૧૭૬ રકમ ચૂકવવામાં આવી છે.

**મંડળીની સિદ્ધિ :** વર્ષ ૨૦૦૭-૦૮ માટે ઑડિટ વર્ગ 'અ' મળેલ છે. જે સતત દસ વર્ષથી મંડળીને મળે છે. તેમજ મંડળીને સારી કામગીરી બદલ ૨૦૦૭-૦૮ના વર્ષ માટે પ્રથમ ઇનામ મળેલ છે.

મંડળીની વાર્ષિક સાધારણ સભામાં હિસાબી સરવૈયું વાંચી સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. તેમ જ મંડળીના મેનેજર શ્રી ઇલાબહેન શાહે તા. ૨૪-૬-૨૦૦૮ના રોજ મળેલી અઢારમી વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ વાંચી સર્વાનુમતે મંજૂર કર્યો હતો. અને સભાસદોને ૧૫ % ડિવિડન્ડ મંડળીએ આ વર્ષે આપ્યું છે.

'સેવા'ના મંત્રીશ્રી મિતલબહેને ઠેર ઠેર નાની નાની મંડળીઓ ઊભી થાય, વધુ અસંગઠિત કામદારો સુધી આરોગ્ય સેવા પહોંચાડવાની, બહેનો જીવે ત્યાં સુધી કામ કરી શકે અને દરેક રાજ્યમાં ઠેર ઠેર આરોગ્યસેવા આપીશું તેમ જણાવ્યું હતું.

ઉપસ્થિત સભાસદ બહેનોમાંથી પણ ઘણાં બહેનોએ સ્ટેજ પર આવી જણાવ્યું હતું કે, 'સેવા'થી અમારી ઓળખ થઈ, આપણી જડીબુટ્ટીની દવાઓ ખૂબ અસરકારક છે. અમે ઘરની બહાર નીકળતાં થયાં. પહેલા દાયણકામ કરતાં પણ આપણા ડૉ. રેણુકાબેન પાસેથી દાયણ તાલીમ લેતાં આજે ડૉક્ટર જેવું કામ કરતાં થઈ ગયાં.

અંતમાં સહુ સભાસદો, શુભેચ્છકો, સલાહકારો, ઑડિટરશ્રી શાહ બ્રધર્સ, કાર્યકર્તાઓ, શ્રી મૂલાણીસાહેબ, 'સેવા'ની ભગિની સંસ્થાઓ, વહીવટ વિભાગ-બધાંનો આભાર માન્યો હતો.

❑

# વિડિયો સેવા

શ્રી ગુજરાત મહિલા વિડિયો સેવા માહિતી કૉમ્યુનિકેશન સહકારી મંડળી લિ.ની નવમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૭-૬-'૦૯ના રોજ શ્રી નમ્રતાબહેન બાલીના પ્રમુખસ્થાને 'ચંદાનિવાસ'માં મળી હતી.

વિડિયો મંડળીને અમદાવાદ જિલ્લા સહકારી સંઘ તરફથી બીજું ઇનામ મળ્યું છે. જેમાં પ્રશસ્તિપત્ર અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યાં છે. તેની ખુશી વ્યક્ત કરી મેનેજર શ્રી નીલમબહેને જણાવ્યું કે, સંચારથી સશક્તિકરણ થાય છે. તેમ જ પહેલી પેઢી તે લીલાબહેન (વિડિયો સેવાના જૂના કાર્યકર્તા) આજે ચોથી પેઢીને ટૅક્નોલૉજી શીખવાડે છે. ત્યારબાદ તેમણે

આઠમી વાર્ષિક સભાનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો જે સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો હતો.

મંડળીના પ્રમુખ શ્રી નમ્રતાબહેને બધાંને આવકારતાં વિડિયો સેવાની ૨૦૦૮-૦૯ની કામગીરીનો ખ્યાલ આપ્યો હતો. મંડળીનો મુખ્ય ઉદ્દેશ વિડિયોના માધ્યમ દ્વારા શ્રમજીવી મહિલાઓનાં સામાજિક, આર્થિક ઉત્કર્ષ માટે તેમ જ શૈક્ષણિક અને વિકાસલક્ષી માહિતી દ્વારા જાગૃતિ લાવવી, સંગઠિત કરી, તાલીમ આપી કાર્યકુશળતા વધારી આર્થિક રીતે પગભર કરવાં તેમ જ તેમનું સામાજિક ઉત્થાન કરવું. ભારતભરમાં વિડિયોની આ પ્રથમ મંડળી છે. જેના આજે ૨૨૦ સભ્યોનું ૮૩,૫૦૦/- રૂ.નું શેરભંડોળ છે.

પ્રવૃત્તિમાં જોવા જઈએ તો વર્ષ દરમ્યાન ૨૭૫ રીપ્લે, ૨૦૧ શુટીંગ, ૨૪૦ કૅસેટનું લૉગીંગ, ડુપ્લીકેશન ૬૨૬ કૅસેટ તેમ જ ૧૦ પ્રોગ્રામ ઍડિટ કર્યા છે.

દક્ષિણ કોરિયા - કોરિયન ટેલિવિઝનમાંથી ટીમ આવી હતી. તેમણે વિડિયોસેવા પર એક ડૉક્યુમેન્ટરી બનાવી. વિડિયો સેવાએ તેમની ‘ક્રુ’ સર્વિસ આપી અને કોરિયન ટેલિવિઝન દ્વારા લાખો દર્શકો સુધી પહોંચી. તેમ જ વિડિયો ટીમને શીખવા પણ મળ્યું. ‘પાણી અમૂલ્ય છે.’ તે પ્રોગ્રામ દૂરદર્શન પર પ્રસારિત થયો.

મંડળીનું હિસાબી સરવૈયું જયશ્રીબહેન કેડિયાએ વાંચી સંભળાવ્યું જે સભાએ સર્વાનુમતે મંજૂર કર્યું હતું. આ વર્ષે દરેક સભ્યને ૧૦ ટકા ડિવિડન્ટ આપવામાં આવ્યું.

મંડળીની આ સભામાં નવી ચૂંટણી થઈ જેમાં પાંચ નવા સભાસદોને સર્વાનુમતે ચૂંટ્યા.

નવા સભાસદોને આવકારતાં તેમ જ મંડળીના કાર્યમાં સાથે રહેનારા તમામનો આભાર મંડળીના પ્રમુખશ્રી નમ્રતાબહેને માન્યો.

❑

# બાલસેવા સંગિની મંડળી

શ્રી સંગિની મહિલા બાલસેવા સહકારી મંડળીની ૨૪મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૫-૬-’૦૯ના રોજ ‘ચંદા નિવાસ’માં પ્રમુખશ્રી જશોદાબહેનના પ્રમુખપદે મળી હતી.

મંડળીની વર્ષ દરમ્યાન થઈ ગયેલી પ્રવૃત્તિઓ મંડળીના મેનેજર શ્રી પદ્માબહેને વાંચી સંભળાવી હતી. મંડળીને ૨૦૦૭-૦૮ માટે ઑડિટ વર્ગ ‘અ’ મળેલ છે.

**બાલવિકાસ પ્રવૃત્તિ :** ૨૯ કેન્દ્રો કાર્યરત. કુલ ૯૭૦ બાળકો. જેમાં જન્મથી ૬ વર્ષનાં બાળકોની સંભાળ રાખવામાં આવે છે. આ વર્ષ દરમ્યાન જન્મથી બે વર્ષનાં બાળકોની સંખ્યા વધારવા ઝુંબેશ ચલાવવામાં આવી.

૩ થી ૬ વર્ષનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. રમતગમત દ્વારા અંકલેખન, મૂળાક્ષર શીખવવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૩૧૬ બાળકોને પ્રાથમિક શાળામાં દાખલ કરાવ્યા. પાંચ વર્ષથી મોટાં બાળકોને ધો. ૧માં પ્રવેશ કરવાના હોવાથી તેઓનો મંડળી દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો. કેન્દ્રમાં બાળકોને પૂરતો ખોરાક મળે છે, સારા સંસ્કાર મળ્યા અને તેમનો વિકાસ થયો. મા-બાપ શાંતિથી કામે જાય છે, આવકમાં વધારો થયો તેમ જ મોટાં બાળકો સ્કૂલે જઈ શકે છે તેમ વાલીઓએ જણાવ્યું.

**આરોગ્ય તપાસ :** વર્ષમાં છ વખત બાળકોની આરોગ્ય તપાસ થાય છે. અર્બન હેલ્થ સેન્ટર સાથે રહીને ૯૭૦ બાળકોની તપાસ કરાવી. જરૂર પડે તેમને મ્યુનિસિપલ હૉસ્પિટલમાં રીફર કરીએ. બે બાળકોને વાલમાં તકલીફ હતી તેનું મફત ઑપરેશન કરાવ્યું. નિયમિત દર મહિને બાળકોનું વજન કરવામાં આવે છે. ચિરંજીવી યોજનાનો ૭૪ બહેનોને લાભ અપાવ્યો. આંખોનો કેમ્પ કર્યો. ૮૦ સભ્યોની આંખ તપાસી. એક બાળક અને બે ભાઈ-બહેનનું મોતિયાનું ઑપરેશન સિવિલ અને નગરી હૉસ્પિટલમાં મફત કરાવ્યું.

**વાલી મીટિંગ :** દર મહિને બાળકોના વિકાસ માટે તેમનાં મા-બાપ સાથે મીટિંગ કરવામાં આવે છે. જેમાં ‘સેવા’, બાલસેવાની માહિતી ઉપરાંત પોષકઆહાર, બાળઉછેર, સ્વચ્છતા, કુટુંબનિયોજન પ્રાથમિક સારવાર, આરોગ્યલક્ષી માહિતી વગેરે વિષયો પર સમજ આપવામાં આવે છે.

**બાળમેળો :** બાળદિને શ્રેયસ ફાઉન્ડેશનમાં બાળમેળો કર્યો. તેમાં ૧૨૦૦ બાળકો અને વાલીઓ હાજર હતાં. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, ચગડોળ, રમતગમત હરીફાઈ, ખાણીપીણી, કઠપૂતળી, રૂડીબજાર, જડીબુટ્ટી સ્ટૉલ વગેરે હતા.

**શૈક્ષણિક પ્રવાસ :** કેન્દ્રોનાં બાળકોને કાંકરિયાનો પ્રવાસ કરાવ્યો. તેમ જ બે વખત નજીકમાં બગીચા, મંદિર, મસ્જીદની પીકનીક કરાવી. શંકરભુવનના કિશોર-કિશોરીઓને તિરૂપતિ ગાર્ડન, મહુડી, અમરનાથનો પ્રવાસ કરાવ્યો. તેમ જ બાલસેવિકાને દિલ્હી મોબાઈલક્રેશનો શૈક્ષણિક પ્રવાસ કરાવ્યો સાથે જયપુર, હરદ્વાર-મથુરા-વૃંદાવન વગેરે ધાર્મિક સ્થળે ફર્યા.

**શક્તિવિકાસ :** બાલમંદિર રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા તાલીમ કરાવી જન્મથી ૩ વર્ષનાં અને ૩ થી ૬ વર્ષનાં બાળકોના

સર્વાંગી વિકાસની માર્ગદર્શિકા દ્વારા વાલીઓ સાથે ચર્ચા કરી. રંગૂનવાલા ફાઉન્ડેશનના વર્કશોપમાં ટાઇમમૅનેજન્ટની, માર્કેટીંગની, વિડિયો રીપ્લે, રૂડીનો રેડિયોની તાલીમ બહેનોએ લીધી. રેડિયોની તાલીમમાં સાચા પ્રશ્નોના જવાબમાં પ્રથમ નંબર આવનાર ધનગૌરી બહેનને રેડિયો અને બે બહેનોને વિડિયો કેસેટ ઇનામમાં મળ્યાં.

મંડળીને પગભર કરવા ૬૯ બહેનોને, લોકસ્વાસ્થ્ય મંડળી દ્વારા આયુર્વેદિક દવાઓના ઉપયોગ અને બહેનોના આવકમાં વધારો થાય તેની તાલીમ ૬૯ બહેનોએ લીધી.

મંડળીના એકાઉન્ટન્ટ મીનાબહેને હિસાબો વાંચી સંભળાવ્યા જે સર્વે સભાસદોએ સર્વાનુમતિથી મંજૂર કર્યા.

મંડળીના સલાહકાર શ્રી મિરાઈબહેને કહ્યું કે, 'બહેનોની જરૂરિયાત પ્રમાણે આપણે સેવા પહોંચાડીએ છીએ. લીલી ફાઉન્ડેશન તરફથી દસ કેન્દ્ર મળ્યા છે. ડૉ. રેણુકાબહેને અભિનંદન પાઠવતાં કહ્યું કે, 'કેન્દ્રોમાં બાળકોના વજન દર મહિને કરવામાં આવે છે. તો દરેક કેન્દ્રોમાં બાળકોના વજન વધતાં જોવા મળે છે. તો તે ભાવિ પેઢી માટે ખૂબ જ સારું છે.'

આ ઉપરાંત કે કેન્દ્રના ગંગાબહેને કહ્યું કે, 'આપણે અપંગ બાળકો માટે કામ નહોતાં કરતાં પણ આપણે અપંગ બાળકોને ગાંધીનગર હૉસ્ટેલમાં મૂક્યાં જ્યાં મફત સગવડ છે. અત્યારે પણ બે બાળકો કેન્દ્રમાં છે. તેમને આવતા વર્ષે હૉસ્ટેલમાં મૂકીશું. અંતે મિરાઈબહેને સૌનો આભાર માન્યો.'

**નફીસા**

❑

# શૈશવ મંડળી

શ્રી શૈશવ બાલસેવા સહકારી મંડળીની ૧૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૭-૬-૦૯ના રોજ નૈમિષાબહેના પ્રમુખપદે રાખવામાં આવી. પ્રાર્થના તેમ જ દીપપ્રગટાવી સભાની શરૂઆત કરી બાલવાડીની બાળાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું. દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષ દરમિયાન થયેલ કામગીરી તેમ જ હિસાબોનું વંચાણ થયું તેમ જ નવા વર્ષનું આયોજન વાંચી સંભળાવ્યું. કારોબારીના સભ્યોને ત્રણ વર્ષ પૂરાં થયાં હોવાથી ચૂંટણી પણ કરવામાં આવી જેમાં ૯ કારોબારી - સભ્યો સર્વાનુંમતે ચૂંટાયાં મંડળી હજુ પગભર થઈ શકી નથી. ૭૫ % પહોંચી વળ્યાં છીએ.

**વાલીસંમેલન :** શૈશવ બાલસેવા સહકારી મંડળી દ્વારા ચાલતા કુલ ૨૯ બાલસેવા કેન્દ્રનાં બાળકોનાં વાલીઓ સાથે વાલીસંમેલન કરવામાં આવ્યું. કુલ ૧૫૦ માતાઓ તેમ જ ૨૧ પિતાઓ હાજર રહ્યાં. સૌ પ્રથમ વાર જ પિતાઓ વાલીસંમેલનમાં આણંદ ઑફિસમાં હાજર રહ્યાં. વાલીઓને 'સેવા'ની સમજ આપવામાં આવી તેમ જ શૈશવ બાલસેવા દ્વારા ચાલતાં કેન્દ્રોની સમજ આપવામાં આવી. તેનો હેતુ અને મહત્ત્વ સમજાવ્યું. પિતાઓના અભિપ્રાય કે ખરેખર કેન્દ્રો ચાલવાથી અમને ઘણો જ ફાયદો થયો છે. અમે આખો દિવસ કામે જઈ શકીએ છીએ. અમારાં બાળકો નવું નવું શીખે છે. તેમને સારો પોષક અહાર મળી રહે છે. બાળકોમાં વારંવાર માંદગી પણ નથી આવતી એ મોટો ફાયદો છે. અમે આખા દિવસની રોજગારી મેળવી શકીએ છીએ. અમે ભલે બહુ નથી ભણી શક્યા પણ અમારા બાળકો ખૂબ જ ભણીને આગળ વધે તેવી આશા રાખીએ છીએ. અને 'સેવા'નો પણ ખાસ આભાર અને કેન્દ્રો ચાલુ ને ચાલુ રહે તે માટે પણ અમે જોઈએ તેટલો ગામમાંથી સહકાર આપીશું. આપણે પણ વાલીઓને સાથે રાખીને ૧૦૦ % પગભર થઈએ તે માટે પગભરતાની વિગતે વાત સમજાવી. બાલસેવાનાં શિક્ષિકાબહેનો તેમજ વાલીઓ સાથે ખાસ સંકલન રાખવા સમજાવ્યાં. માતાઓએ તેમજ પિતાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમનામાં એક પ્રકારનો આનંદ જોવા મળ્યો. 'સેવા'ના પ્રમુખ રમીલાબહેને પણ કાર્યક્રમમાં હાજર રહી શુભેચ્છા પાઠવી. તેમણે સેવા સંગઠનનો ખ્યાલ આપી શ્રમજીવી બહેનોના શક્તિવિકાસ વિશે વાત કરી. આ દિવસે-બાળકોએ બનાવેલા વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ અને રમકડાંનું પ્રદર્શન કર્યું હતું. જેથી વાલીઓએ પણ તેમના બાળકોનો વિકાસ ખરેખર કેવો થયો છે તે જોયું.

કાર્યક્રમના સમાપનમાં આભારવિધિ કરી 'અમે પાર કરીશું' ગીત ગાઈને છૂટા પડ્યા.

### શૈશવ ઘોડિયાઘરમાંથી પહેલા ધોરણમાં પ્રવેશ

શૈશવ બાલસેવા દ્વારા ચાલતા કુલ ૨૯ કેન્દ્રના ૯૦૦ બાળકોમાંથી ૨૫૪ બાળકોએ ચાલુ સાલે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવ્યો. આપણે આ બાળકોને ખાસ સર્ટિ. વિતરણ કર્યા તેમ જ ગામમાંથી સરપંચને અને આગેવાનોને હાથે સર્ટિ-વિતરણ થયું. મોગરમાં સરપંચ તરફથી ૨૦૦ રૂપિયા ડોનેશન આવ્યું. તેમ જ વેરા ગામમાં પ્રિન્સિપાલે દરેક બાળકોને આવકાર આપ્યો તેમ જ દરેક બાળકને ૧૧ રૂપિયા ડોનેશનમાં આપી સ્લેટ પેન આપ્યા તેમ જ મોં મીઠું કરાવ્યું. બાળકોને શૈશવ બાલસેવાનું સર્ટિ. વિતરણ કર્યું.

**નૈમિષા**

❑

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581 Issued by S.S.P. Valid up to 31-12-2011.**

Ahmedabad P.S.O.
06-07-2009

## સેવાસમાચાર

**સેવા અકાદમીમાં સમરકેમ્પ**

એપ્રિલ-મે મહિનો આવે એટલે બાળકો ભણતરના ભારને દૂર ધકેલે અને આનંદ-કિલ્લોલ- મજા કરે. એવા અકાદમી પણ શ્રમજીવીની દીકરીઓ માટે દર વર્ષે સમર કેમ્પનું આયોજન કરે છે. આ વર્ષે આકાશગંગા કલબની દીકરીઓએ સેવા અકાદમીમાં રંગેચંગે ઉનાળુ વેકેશનનો આનંદ માણ્યો.

તા. ૬ઠ્ઠીથી ૩૦મી મે દરમ્યાન વૅકેશન શિબિરની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ હતી. આ વર્ષે મુખ્ય પ્રવૃત્તિ બાળકોને ભવાઈ ફોર્મેટ (રંગલા-રંગલીના વેશ)ની તાલીમ હતી. આ તાલીમ ચાર દિવસની એક કાર્યશાળા રૂપે આયોજીત કરાયેલ હતી - જે ત્રણ ગ્રુપમાં થઈ હતી. જેમાં કુલ ૫૧ બાળકો આ કાર્યશાળામાં જોડાયાં હતાં. જેમાં નિષ્ણાત તરીકે પ્રો. જનક દવે હતા.

❑

## 'અનસૂયા'નું અઠ્ઠયાવીસમું વર્ષ ચાલી રહ્યું છે

- ❖ દર માસની છઠ્ઠી અને બાવીસમી તારીખે નિયમિત પ્રકટ થઈને તેના ગ્રાહકો પાસે અચૂક પહોંચી જવા જેટલી નિયમિતતા જાળવી રહેલું પાક્ષિક 'અનસૂયા' મહિલામાત્રને આર્થિકરીતે પગભર કરવાના સ્વપ્નને સાકાર કરવા આ બારમા અંક સાથે અઠ્ઠયાવીસમું વર્ષ શરૂ થઈ ચૂક્યું છે.
- ❖ 'અનસૂયા'ની આ શરૂ થયેલી બીજી યશસ્વી અઠ્ઠયાવીસમી સદી 'સેવા'નાં સભ્ય અને તેનાં ઉત્સુક વાચકો પાસેથી 'અનસૂયા'ની જુવાનીને અડીખમ રાખવા અપેક્ષા રાખે છે.
- ❖ વાચકો-શુભેચ્છકો-અનસૂયાચાહકોની પ્રેરણા 'અનસૂયા'ને પણ વધુ ઉપયોગી બનાવવામાં સાથ અને સહકાર અઠ્ઠયાવીસમા વર્ષના આ ૧૩મા અંક વેળાએ રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું આ પાક્ષિક મુખપત્ર દ્દઢતાપૂર્વક ઇચ્છે છે.

દર વરસે લવાજમના રૂપિયા ૨૦/- મોકલવાનું ચૂકી ન જવાય તેથી **'અનસૂયા'**-પ્રેમીઓને રૂ. ૫૦૦/- ભરીને **'અનસૂયા'** આજીવન મેળવવાની નોંધ લેવા વિનંતી છે.

દર મહિને છઠ્ઠી તેમ જ બાવીસમી તારીખે નિયમિત પ્રગટ થતા **'અનસૂયા'**નું વાર્ષિક તેમ જ આજીવન

**લવાજમ મોકલવા માટેનું સ્થળ :-**

**શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ**

સેવા રિસેપ્શન સૅન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન : ૨૫૫૦૬૪૪૪, ૨૫૫૦૬૪૭૭)

❖ દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે પ્રકટ થતું 'અનસૂયા' વેબસાઈટ પર પણ મૂકવામાં આવે છે.

Please visit our website : www.anasooya.org ❑ E-mail : mail@anasooya.org

માલિક : શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ વતી તંત્રી-પ્રકાશક-મુદ્રક : નમ્રતા બાલી, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ ૩૮૦ ૦૦૧
મુદ્રણસ્થાન : પ્રિન્ટવૅલ પ્રિન્ટર્સ, બહાઈ સેન્ટર, શાહપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧. (વા. લ. રૂ. ૨૦/-) આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ

**અનસૂયા** 06-07-2009

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ 380 001